PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર
રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૧/કવા–૦૩/૧૭–૧૮/ 4763 (11) તા 29-5-18

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
પાંઉ હંસાબેન નરેન્દ્રભાઈ,
પારસ સોસાયટી શેરી નં.–૪, પ્લોટ નં.–૧૧
શ્રી હરી નિવાસ – મંગલમ સામે,
નિર્મલા રોડ, રાજકોટ
મોઃ ૯૮૨૪૪ ૧૮૧૮૨

વિષય :–વીજબીલ બાબત
સંદર્ભઃ– આપની અરજી , તા. ૦૫–૦૩–૧૮ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૬૧/કવા–૦૩/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

63

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૨ ,રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, મહિલા કોલેજ પેટા વીભાગીય કચેરી, રાજકોટ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૬૧/કવા–૦૪/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૦૫–૦૪–૧૮ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: પાંઉ હંસાબેન નરેન્દ્રભાઈ, ગામ: રાજકોટ**

**રજુઆત કરનાર: અરજદાર શ્રી ના પતિ શ્રી નરેન્દ્રભાઈ સુખલાલભાઈ પાઉ હાજર રહેલ હતા.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : મહિલા કોલેજ પેટા વીભાગીય કચેરી, રાજકોટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ર ,રાજકોટ)**

**રજુઆત કરનાર :એન.ડી.રૂઘાણી – કાર્યપાલક ઈજનેર શહેર વિભાગીય કચેરી નં ર, રાજકોટ**

## : હુકમ :

**ફરીયાદ : વીજબીલ બાબત**

### મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| **૧** | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| **૧.૧** | અરજદાર જણાવે છે કે, તેઓના માહે જુન,જુલાઈ, ઓગષ્ટ અને સપ્ટેમ્બર ના વીજબીલો – રૂ.૭,૫૯૭/–, રૂ.૧૧,૪૭૧/–, રૂ.૧૧,૨૪૮/–, રૂ.૨૧,૮૮૩/–, રૂ.૨૯,૯૨૦/– આવતા – તા.૨૮–૦૮–૧૭ ના રોજ તેઓએ ફાસ્ટ મીટર ની અરજી કરતા – તા.૨૯–૦૮–૧૭ ના રોજ મીટર બદલી કરવામા આવેલ. મીટર ના લેબોરેટરી ચેકીગ દરમ્યાન – મીટર નો એમ.આર.આઈ. અહેવાલ આવેલ ન હોય – તે એમ.આર.આઈ. અહેવાલ કંપની માટે – મીટર ને કંપની મા મોકલવામા આવેલ. મીટર ની બદલી બાદ ના તેઓના વીજબીલ ઘણા ઓછા આવેલ છે. આમ, તેઓની ઘણીજ મોટી રકમ રોકાયેલ હોય – જેથી – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

### મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

| | |
|---|---|
| **૨** | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| **૨.૧** | • અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે – અરજદાર નુ ઘરવપરાશ વીજજોડાણ માટે ના – વીજ મીટર મા – ફાસ્ટ મીટર હોવા બાબતે ની અરજી – તા.૨૮–૦૮–૧૭ ના રોજ પીજીવીસીએલ ની પેટા વિભાગીય કચેરી મા કરવામા આવેલ. જે અંગે તા.૨૯–૦૮–૧૭ ના રોજ સવાલવાળુ મીટર બદલાવી આપેલ. જેની વધુ તપાસ અર્થે મીટર ટેસ્ટીગ લેબોરેટરી મા મોકલાવાયેલ. મીટર ટેસ્ટીગ લેબોરેટરી મા – અરજદાર ના પ્રતિનીધી ની હાજરી મા – તા.૦૫–૦૯–૧૭ ના રોજ વીજ મીટર નુ પરીક્ષણ કરાયેલ હતુ, સદર મીટર ના પરીક્ષણ નુ રીઝલ્ટ યોગ્ય જણાયેલ હતુ. પરંતુ, એમ.આર.આઈ. અહેવાલ ઉપલબ્ધ થયેલ ન હોવાથી, મીટર મેઈક કંપની મા – મોકલવામા આવેલ. જેના અભિપ્રાય મુજબ – એમ.આર.આઈ. અહેવાલ ઉપલબ્ધ થયેલ નથી, અને મીટર મા કોઈપણ જાતની ક્ષતિ જણાયેલ નથી.<br>• વધુમા – સદર અરજદાર ને ત્યા નવુ મીટર મુકયા બાદ વીજવપરાશ તા.૨૯–૦૮–૧૭ થી તા.૨૦–૦૩–૧૮ સુધીમા કુલ ૪૧૧૬ યુનીટ નો વીજવપરાશ થયેલ છે. જે મુજબ – અરજદાર નો પ્રતિદીન – ૨૦ યુનીટ નો વીજવપરાશ જણાયેલ છે. આ અગાઉ ના વર્ષ મા – તા.૧૭–૦૮–૧૬ થી તા.૧૪–૦૩–૧૭ સુધીમા કુલ ૨૧૦ દિવસ મુજબ – પ્રતિદીન ૨૧ યુનીટ નો વીજવપરાશ થયેલ બતાવેલ છે. આમ, અરજદાર ના વીજવપરાશ ના રીપોર્ટ પરથી – અરજદાર નુ સવાલવાળુ વીજ મીટર યોગ્ય છે, જેથી – અરજદાર ની રજુઆત – વીજવપરાશ કરતા – વીજબીલ વધુ આવવા બાબતે ની અરજી ગ્રાહય રાખી શકાય નહી. |

## મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

**૩.૧**

- (૧) અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી પાંઉ હંસાબેન નરેન્દ્રભાઈ વીજ જોડાણ નં. ૩૧૮૦૧/૬૦૦૪૩/૦ થી ૧૨ કીવો નુ – આરજીપીયુ કેટેગરી હેઠળ – મહિલા કોલેજ પેટા વીભાગીય કચેરી હેઠળ – વીજ જોડાણ ધરાવે છે.
- (૨) અરજદાર ની ફાસ્ટ મીટર ની ફરીયાદ અન્વયે – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા – તા.૨૯–૦૮–૧૭ ના રોજ અરજદાર ના પ્રતિનીધી ની હાજરી મા સવાલવાળુ મીટર બદલાવી આપેલ. જેની વિગત નીચે મુજબ છે.

| Particulars | Old Meter Dt.29.08.17 | New Meter Dt. 29.08.17 | Old Meter-As per MTLab dt.05.09.17 |
|---|---|---|---|
| Make | L&T | L&T | L&T |
| Meter No | 08207906 | PG-896828 | 08207906 |
| Capacity | 10- 60A | 10- 60A | 10- 60A |
| C. Reading | 069170.52 | 0000004.7 | 069170.55 |
| NOTE | As per Checking Sheet no : 064194 total connected load is 10.06 kw and<br>As per Lab – Meter Testing report result found ok but M.R.I. not received. | | |

- (૩) ચેકીગ શીટ મા જણાવ્યા મુજબ – અરજદાર ને તા.૦૫–૦૯–૧૭, તા.૧૨–૦૯–૧૭ અથવા તા.૧૯–૦૯–૧૭ ના રોજ – મીટર ની ચકાસણી સમયે હાજર રહેવા જણાવેલ. તે મુજબ – અરજદાર ના પ્રતિનીધી ની હાજરી મા તા.૦૫–૦૯–૧૭ ના રોજ થયેલ સદર મીટર ના લેબોરેટરી પરીક્ષણ અને રીપોર્ટ મુજબ મીટર ટેસ્ટીગ કરાતા રીઝલ્ટ યોગ્ય જણાયેલ હતુ, પરંતુ એમ.આર.આઈ. અહેવાલ ઉપલબ્ધ ન થવાથી – વધુ ખરાઈ અર્થે મીટર મેઈક કંપની એલએન્ડટી મા મોકલાવાયેલ. જે અન્વયે – મીટર મેઈક કંપની ના ઈ–મેઈલ તા.૦૯–૦૧–૧૮ મુજબ – મીટર ના સીરીયલ નંબર: ૮૨૦૭૯૦૬ – નુ ઓપ્ટીકલ સેન્સર ખરાબ થયેલ હોય – એમ.આર.આઈ. અહેવાલ મેળવી શકાયેલ નથી, તેમજ બેટરીમોડ દ્વારા – રીડીગ નીચે મુજબ જણાવેલ છે.

| | |
|---|---|
| CKWH | 69170.55 |
| CKVARH LAG | 41033.80 |
| CKVARH LEAD | 77898.84 |
| CKVAH | 83022.11 |

- સદર અરજદાર ના સવાલવાળા પી.આર.ટી.–૧૪૫ મુજબ – થયેલ વીજવપરાશ નીચે મુજબ જણાયેલ છે.

| Month/ Year | 2016 | | | 2017 | | | 2018 | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | C.R. | Status | unit | C.R. | Status | unit | C.R. | Status | unit |
| JAN | 47411 | | 219 | 57220 | | 459 | 3110 | | 448 |
| FEB | 47567 | | 156 | 57698 | | 478 | 3574 | | 464 |
| MAR | 47734 | | 167 | 58383 | | 685 | | | |
| APR | 48180 | | 446 | 59368 | | 985 | | | |
| MAY | 49845 | | 1665 | 60912 | | 1544 | | | |
| JUN | 51566 | | 1721 | 62345 | | 1433 | | | |
| JUL | 52636 | | 1070 | 65099 | | 2754 | | | |
| AUG | 53870 | | 1234 | 68920 | | 3821 | | | |
| | | | | 69170 | 5 | 250 | | | |
| SEP | 54718 | | 848 | 453 | M / C | 448 | | | |
| OCT | 55389 | | 671 | 1678 | | 1225 | | | |
| NOV | 56221 | | 832 | 2153 | | 475 | | | |
| DEC | 56761 | | 540 | 2662 | | 509 | | | |
| TOTAL | | | 9569 | | | 15066 | | | 912 |
| AVERAGE | 12 BILL | | 797.42 | 12 BILL | | 1255.50 | 02 BILL | | 456.00 |
| AVERAGE | 26 BILL | | | | 982.58 | | | | |

- (૪) આમ, ઉપરોકત બાબતો નો અભ્યાસ કરતા – ફોરમ કમિટી ના જણાવ્યા મુજબ – સદર સવાલવાળુ મીટર ની વધુ ખરાઈ કરવા ફરીથી પીજીવીસીએલ મીટર ચકાસણી લેબોરેટરી ના ઈમેઈલ તા.૧૨–૦૪–૧૮ મુજબ – મીટર ના ડેટા ને વધુ ખરાઈ અર્થે મીટર મેઈક કંપની ને અભિપ્રાય આપવા જણાવેલ. જે અન્વયે – કંપની દ્વારા તા.૧૪–૦૫–૧૮ ના ઈમેઈલ મુજબ – મીટર ડેટા – મળેલ તે રીપોર્ટ મુજબ – તા.૧૨–૦૩–૧૭ થી તા.૨૯–૦૮–૧૭ સુધી પ્રત્યેક દિવસ નો વીજવપરાશ મળી શકેલ છે. જેની સબંધક વીજબીલ ના સમયગાળા મુજબ થયેલ વીજવપરાશી યુનીટ ની સરખામણી નીચે મુજબ છે.

| Consumption Details- Of Meter Serial No. L & T- 8207906 | | | |
|---|---|---|---|
| Billing Period | As per Billing- | | As per MRI |
| | KWH | Status | KWH |
| 15.12.16 TO 10.01.17 | 459 | | MRI DATA NOT AVAILABLE |
| 11.01.17 TO 13.02.17 | 478 | | MRI DATA NOT AVAILABLE |
| 14.02.17 TO 14.03.17 | 685 | | MRI DATA NOT AVAILABLE |
| 15.03.17 to 14.04.17 | 985 | | 984.8300 |
| 15.04.17 to 19.05.17 | 1544 | | 1559.6360 |
| 20.05.17 TO 17.06.17 | 1433 | | 1428.7020 |
| 18.06.17 TO 18.07.17 | 2754 | | 2699.0700 |
| 19.07.17 TO 20.08.17 | 3821 | | 3761.5350 |
| 21.08.17 TO 29.08.17 | 250 | Meter Change | 232.9360 |

- (૫) અરજદાર ની ફરીયાદ અન્વયે સવાલવાળુ વીજમીટર લેબોરેટરી ના રીપોર્ટ મુજબ યોગ્ય જણાયેલ છે અને ઉપરોકત ટેબલ પરથી સ્પષ્ટ જણાયેલ છે કે – અરજદાર ને અપાયેલ વીજબીલ મીટર ના એમ.આર.આઈ. ઉપલબ્ધ થયેલ અહેવાલ ને સુસંગત જણાયેલ છે. આમ, અરજદાર ને અપાયેલ વીજબીલ તેઓના વીજવપરાશ મુજબ નુ નિયમાધીન હોય – તેમ સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. વધુમા સદર એમ.આર.આઈ. અહેવાલ મા પ્રત્યેક દિવસ ના થયેલ વીજવપરાશની એક નકલ – અરજદાર ને લેખીત મા આપવા પીજીવીસીએલ પક્ષકાર ને જાણકારી આપવામા આવે છે.

<u>મુદદા નં.–૪ :</u> **<u>હુકમ</u>**

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ ના પેટા મુદદા નં.(૪) અને (૫) મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(એન.ડી.ધામેલીયા)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫"** સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.